અપીલ અરજી નં.૩૬૪ તા.૨૮–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો)અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૪–૧–૧૧ની અરજી થી શિવ નમકીન, ૨૩, સરદાર એસ્ટેટ, ઉધના મગદલ્લા રોડ, સુરત સ્થિત આ સંસ્થા પી.એફ. એ. લાયસન્સ વગર ૨૦૦૬થી ચાલતી આવેલી છે, જેના ૨૦૦૬ થી આજદિન સુધી નમૂના લેવાયા હોય તેની, પૃથ્થકરણનો રિપોર્ટ આવ્યો હોય તેની તારીખ સહિતની તમામ કાર્યવાહીની માહિતી. તથા જે ફુડ ઈન્સ્પેકટરશ્રીએ આ કાર્યવાહી કરેલ હોય તેના નામ અને હોદ્દા સહિતની વિગતોની સંપુર્ણ માહિતી, તથા આ સંસ્થા વારંવાર અલગ અલગ નામો ધારણ ધરી પોતાની બ્રાંડથી જેવાકે તીરૂપતી નમકીન અને સુરતી નમકીન જેવા અલગ અલગ નામો સંસ્થાની શરૂઆતથી આજ દિન સુધીનાં નામો સહિતની ઉપરોકત મુજબની સંપુર્ણ માહિતી વિ. માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨૮–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૪/૨૦૧૦–૧૧.

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૪–૧–૧૧ની અરજી થી શિવ નમકીન, ૨૩, સરદાર એસ્ટેટ, ઉધના મગદલ્લા રોડ, સુરત સ્થિત આ સંસ્થા પી.એફ. એ. લાયસન્સ વગર ૨૦૦૬થી ચાલતી આવેલી છે, જેના ૨૦૦૬ થી આજદિન સુધી નમૂના લેવાયા હોય તેની, પૃથ્થકરણનો રિપોર્ટ આવ્યો હોય તેની તારીખ સહિતની તમામ કાર્યવાહીની માહિતી. તથા જે ફુડ ઈન્સ્પેકટરશ્રીએ આ કાર્યવાહી કરેલ હોય તેના નામ અને હોદ્દા સહિતની વિગતોની સંપુર્ણ માહિતી, તથા આ સંસ્થા વારંવાર અલગ અલગ નામો ધારણ ધરી પોતાની બ્રાંડથી જેવાકે તીરૂપતી નમકીન અને સુરતી નમકીન જેવા અલગ અલગ નામો સંસ્થાની શરૂઆતથી આજ દિન સુધીનાં નામો સહિતની ઉપરોકત મુજબની સંપુર્ણ માહિતી વિ. માહિતી આપવા બાબતે કોઈ માહિતી કે કોઈ જ નિર્ણય ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૭૭ તા.૭–૩–૧૧ થી ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક પત્ર નં.પીએચડી/ફુડ/૧૦૯૫ તા.૨૩–૩–૧૧ થી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલી માહિતી અંગે જાવક પત્ર નં.પીએચડી/ફુડ/૧૦૯૧ તા.૨૨–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૪–૧–૧૧ ની અરજીથી શિવ નમકીન, ૨૩, સરદાર એસ્ટેટ, ઉધના મગદલ્લા રોડ, સુરત સ્થિત આ સંસ્થા પી.એફ. એ. લાયસન્સ વગર ૨૦૦૬ થી માંગવામાં આવેલી માહિતી અંગેની અરજી જાહેર માહિતી અધિકારી આરોગ્યને સંબોધતી અરજી મુગલીસરા સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૫૧૮ તા.૨૮–૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન તથા આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આ./આ.નં.૭૯ તા.૯–૨–૧૧ થી ચીફ ફુડ ઈન્સ્પેકટર મધ્યસ્થ ફુડ વિભાગ દિલ્લીગેટ ખાતે તબદીલ કરવામાં આવેલ. જે બાબતે માહિતી કે કોઈ નિર્ણય નિર્દિષ્ટ સમયગાળામાં ન મળતાં અરજદારે અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને અપીલ તબકકે વિલંબથી જાવક પત્ર નં.પીએચડી/ફુડ/૧૦૯૧ તા.૨૨–૩–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા શિવ નમકીન, ૨૩, સરદાર એસ્ટેટ, ઉધના મગદલ્લા રોડ, સુરત સ્થિત આ સંસ્થા પી.એફ. એ. લાયસન્સ વગર ૨૦૦૬થી ચાલતી આવેલી છે, જેના ૨૦૦૬ થી આજદિન સુધી નમૂના લેવાયા હોય તેની, પૃથ્થકરણનો રિપોર્ટ આવ્યો હોય તેની તારીખ સહિતની તમામ કાર્યવાહીની માહિતી. તથા જે ફુડ ઈન્સ્પેકટરશ્રીએ આ કાર્યવાહી કરેલ હોય તેના નામ અને હોદ્દા સહિતની વિગતોની સંપુર્ણ માહિતી, તથા આ સંસ્થા વારંવાર અલગ અલગ નામો ધારણ ધરી પોતાની બ્રાંડથી જેવાકે તીરૂપતી નમકીન અને સુરતી નમકીન જેવા અલગ અલગ નામો સંસ્થાની શરૂઆતથી આજ દિન સુધીનાં નામો સહિતની ઉપરોકત મુજબની સંપુર્ણ માહિતી વિ. માહિતી આપવા બાબતે તેવા પ્રશ્ન અંગે ફુડ વિભાગના ઉપલબ્ધ રેકર્ડ જોતાં સદર સંસ્થામાં (૧) ફુડ ઈન્સ્પેકટર શ્રી બી.આર. બ્રહમભટ્ટે તા.૧૬–૧૦–૦૬ નો રોજ બે નમુના (૨) ફુડ ઈન્સ્પેકટર શ્રી બી.આર. બ્રહમભટ્ટે તા.૫–૧૧–૦૭ ના રોજના બે નમુના (૩) ફુડ ઈન્સ્પેકટર શ્રી ડી.ડી. ઠાકોરે તા.૨૨–૧૦–૦૮ ના રોજ બે નમુના (૪) ફુડ ઈન્સ્પેકટર શ્રી ડી.ડી.ઠાકોરે તા.૨૪–૮–૦૯ ના રોજના બે નમુના (૫) ફુડ ઈન્સ્પેકટર શ્રી ડી.ડી.ઠાકોરે તા.૧૩–૧૦–૦૯ ના રોજના બે નમુના (૬) ફુડ ઈન્સ્પેકટર શ્રી એમ.જે. રાણાએ તા.૩૦–૧૦–૧૦ ના રોજના બે નમુના (૭) ફુડ ઈન્સ્પેકટર શ્રી એમ. જે.રાણા એ તા.૮–૧–૧૧ ના રોજના એક નમુનો, મળી કુલ ૧૩ નમુનાઓ લેવામાં આવેલ છે. જે પબ્લીક એનાલીસ્ટશ્રી, સુરત મહાનગરપાલિકાના રીપોર્ટ મુજબ ધારા ધોરણ મુજબના માલુમ પડેલ છે. મુદ્દા :– આ સંસ્થાના વિરુધ્ધ કોર્ટ કેસ કરેલ હોય તો તેની નકલ સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે

જાહેર માહિતી અધિકારીએ આ સંસ્થા વિરુધ્ધ પીએફએ કેસ નંબર–૦૫/૨૦૧૦ તા.૨૭–૪–૧૦ થી વગર લાયસન્સની ફરીયાદ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે જે હાલમાં ચાર્જના પુરાવાના સ્ટેજ પર છે. તેવું જણાવેલ છે તથા આ કેસ દાખલ થયા બાદ આવી સંસ્થાઓ ચાલુ કેસ દરમ્યાન તે જ સંસ્થા જેટલા સમય સુધી ચાલુ રાખી શકાતી હોય તેની મહિના, વર્ષ, દિવસો કે આવા દાખલ થયેલા કેસના સ્ટેટસની સમય મર્યાદાની જોગવાઈની વિગતવાર સ્પષ્ટ માહિતી. આ અંગે કાયદા અધિકારીશ્રીનો જરૂરી અભિપ્રાય લઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવેલ છે. તથા ચાલુ કેસ દરમ્યાન અન્ય વધુ કેસ દાખલ કરવાના થતા હોય તેની કાયદાકીય જોગવાઈઓની સંપૂર્ણ માહિતી તેમજ આ સંસ્થા વિરુધ્ધ જે જે કાયદાની જોગવાઈઓ અનુસાર કાર્યવાહી થઈ હોય તેની સંપૂર્ણ માહિતી અને જો કાર્યવાહી ન થઈ હોય તો તેના ઠોસ કારણો તેમજ તે તે જવાબદાર અધિકારીઓના નામો અને હોદ્દા સહિતની માહિતી. આ સંસ્થા વિરુધ્ધ કાર્યવાહી કરવા સારું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ ઉપર જણાવ્યા મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે પરંતુ કાયદાકીય જોગવાઈ જણાવેલ નથી કે કાયદાની કલમ–નિયમોનો સંદર્ભ પૂરો પાડવો રહે. કાયદો જાહેર બાબત હોઈ તે સંદર્ભ અનુસાર બાકી વિગતો અરજદાર કાયદાનો સંદર્ભ કરી મેળવી શકે છે. આ બાબત સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં પણ સમાવિષ્ટ થાય છે તથા મ્યુ. કમિ.શ્રી સમક્ષ અરજદાર તરફથી મળેલી અરજી તેમજ ફુડ ઈન્સ્પેકટર વિરુધ્ધ પણ કાર્યવાહી કરવાની સારુની અરજીઓ તેમજ તે સંદર્ભે ફુડ વિભાગ તથા મ્યુ. કમિ.શ્રી ધ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અલગ અલગ તારીખ સહિતની વિગતવાર સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ફુડ ઈન્સ્પેકટર વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદાર તરફથી માંગવામાં આવેલી માહિતી પૂરી પડાયેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી નહીં પૂરી પાડેલ કેસ હેઠળની સંસ્થા ચાલુ રાખવાની સમય મર્યાદા તથા વધુ કેસ દાખલ કરવા બાબતે કાયદાકીય જોગવાઈની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. બાકીની માહિતી પૂરી પડાયેલ હોઈ તકરારને સ્થાન નથી તેથી તેટલા પૂરતી અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,